# ગુજરાત પોસ્ટલ સર્કલ સ્ટાફ બેનેવોલન્ટ ફંડ

**યોજના :**

આ યોજના તારીખ ૧.૧૦.૨૦૦૩ ના રોજ થી શરૂ કરવામાં આવી છે, જેનો લાભ ગુજરાત પોસ્ટલ સર્કલમાં કામ કરતાં તમામ ખાતાકીય કર્મચારીઓને મળે છે.

સભ્યોનો ફાળો વાર્ષિક ધોરણે એપ્રિલ માસના પગારમાંથી આ પ્રમાણે લેવામાં આવે છે.

| ફાળો | કર્મચારી વર્ગ |
|---|---|
| રૂ.૩૬૦ | ગ્રુપ 'એ' |
| રૂ.૩૦૦ | ગ્રુપ 'બી' |
| રૂ.૧૮૦ | ગ્રુપ 'સી' |

ગ્રામિણ ડાક સેવકોને ડાયરેક્ટોરેટ નવી દિલ્હી ના સપ્ટેમ્બર, ૨૦૧૩ના તથા ડિસેમ્બર ૨૦૧૩ના ઓર્ડર પ્રમાણે આ સ્કીમમાંથી બાકાત કરવામાં આવ્યા છે. અને વર્ષ ૨૦૧૩ સુધીનો તમામ ઉઘરાવેલ ફાળો તેમને પરત આપવામાં આવી રહ્યો છે.

**યોજના હેઠળ મળતા લાભ :**

૧. કર્મચારીને મૃત્યુ થતાં તેના વારસદારોને રૂ. ૨૫,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ની આર્થિક મદદ આપવામાં આવે છે. જે માટે મૃતક કર્મચારીના વારસદારોએ નિયત અરજી પત્રકમાં અરજી, મૃતક કર્મચારી મૃત્યુ સમયે જે વિભાગમાં (ડિવિઝનમાં) કાર્ય કરતા હોય તેના વિભાગીય વડા મારફત, ચીફ પોસ્ટમાસ્ટર જનરલ, ગુજરાત સર્કલને મૃત્યુ પ્રમાણપત્ર સાથે મોકલવાની રહેશે.

૨. આ સ્કીમના સભ્યને ગંભીર માંદગી જેવી કે કીડની, હાર્ટફેઇલ (ઓપન હાર્ટ સર્જરી), લીવર ટ્રાન્સપ્લાન્ટ, કેન્સર વગેરે રોગોમાં 'મેજર સર્જીકલ ઓપરેશન'ના સંજોગોમાં રૂ. ૫૦,૦૦૦/- સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે.

આ સિવાય પ્રોસ્ટેટ સર્જરી, ગોલ બ્લેડર, આંતરડાની કે ગર્ભાશયની સર્જરી, એન્જીયો પ્લાસ્ટી, આંખોની રેટિનાને લગતી સર્જરી વગેરે માટે રૂ. ૧૦,૦૦૦/- સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. આ માટેના નિયત અરજી પત્રક વિભાગીય મુખ્ય અધિકારી મારફતે, માંદગી અને સારવાર અંગેના જરૂરી પૂરાવાઓ સહિત ચીફ પોસ્ટમાસ્ટર જનરલ, ગુજરાત સર્કલની કચેરીએ મોકલવાના રહે છે.

૩. વિશેષમાં, જો કોઇ સભ્યએ તેની સર્વિસના સમગ્ર કાર્યકાળ દરમ્યાન આ યોજનાનો કોઇ જ લાભ ન લીધો હોય તો તેણે કરેલ ફંડ ફાળાની બધી જ રકમ (૧૦૦%), તેના સેવા નિવૃત્તિના સમયે અથવા સભ્ય કર્મચારીની ગુજરાત સર્કલ બહાર બદલી થાય તો પરત કરવામાં આવે છે. આ માટે જો કે ઓછામાં ઓછા ત્રણ વર્ષનું સભ્યપદ જરૂરી છે. આ માટે પણ નિયત અરજી પત્રક વિભાગીય મુખ્ય અધિકારી મારફતે, નિવૃત્તિ/બદલીના ઓર્ડર સહિત ચીફ પોસ્ટમાસ્ટર જનરલ, ગુજરાત સર્કલની કચેરીએ મોકલવાના રહે છે.

આ યોજનાનું સંચાલન ગુજરાત પોસ્ટલ સર્કલ સ્ટાફ બેનેવોલન્ટ ફંડની સંચાલક સમિતિનાં સદસ્યો દ્વારા કરવામાં આવે છે. યોજનાના વ્યાપમાં કોઇપણ પ્રકારનો ફેરફાર બેનેવોલન્ટ ફંડના સદસ્યો સાથેની બેઠકમાં પરામર્શ કર્યા પછી જ થઇ શકે છે. દરેક બાબતમાં આ સ્કીમના અધ્યક્ષ તથા મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ, ગુજરાત સર્કલનો નિર્ણય આખરી ગણવામાં આવે છે.

આ અંગે વધુ માહિતિ **કલ્યાણ નિરીક્ષક શ્રી, ચીફ પોસ્ટમાસ્ટર જનરલની કચેરી, (કલ્યાણ વિભાગ) અમદાવાદ - ૩૮૦૦૦૧**નો સંપર્ક કર્યે થી મળી શકશે. ફોન નંબર: ૦૭૯-૨૫૫૦૯૩૮૫.

ચીફ પોસ્ટમાસ્ટર જનરલ,
ગુજરાત સર્કલ, અમદાવાદ - ૩૮૦૦૦૧